# આપણે માતૃભાષા માટે ગંભીર છીએ

**માતૃભાષા ગુજરાતીને "બચાવવા શુ કરવુ જોઇએ" તે અંગે શહેરના ભાષાસાધકોએ સૂચવેલા અભિપ્રાયો "વિશ્વ માતૃભાષા દિન" પ્રસંગે અત્રે પ્રસ્તુત કરવા પ્રયાસ કર્યો છે અપેક્ષા છે કે 'ગાંધીનગર સમાચાર' નો આ પ્રયાસ આપણી માતૃભાષા ગુજરાતીના સંરક્ષણ અને સંવર્ધનમાં બળ આપવામાં ઉપયોગી નિવડશે**



"માતૃભાષા આપણાં અસ્તિત્વની ત્વચા છે. અત્યારે ગુજરાતી ભાષાનું વસિયત કરાવવું પડે તેવી સ્થિતિ સર્જાઇ રહી છે. હાલના સમયમાં આપણે સ્માર્ટ ફોન, સ્માર્ટ બોયમાં આપણને રસ છે, પણ સારા માણસ બનાવવામાં માટે માતૃભાષા જ જરૂરી છે. બાળકોને માતૃભાષામાં અભ્યાસ કરવાથી તેના જ્ઞાનતંતુઓનો વિકાસ થાય છે. આજે ફ્રાન્સ, જાપાન અને ચીન જેવા અનેક દેશોએ પોતાની માતૃભાષાને પ્રાધાન્ય આપ્યું છે તેમણે અંગ્રેજી ભાષા વિશ્વસ્તરીય ભાષા છે, તેનો સ્વિકાર અને સન્માન આપણે સૌએ કરવો જોઈએ. આપણા બાળકોનું માતૃભાષાથી જોડાણ રહે તે ખૂબ જ જરૂરી છે, ગુજરાતી માધ્યમનો પ્રભાવ અને એની અસરકારતા વધારવા, વ્યવહારમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ વધારવો, પરિવારોમાં સ્વભાષા અંગે જાગૃતિ લાવવી, ગુજરાતી સર્જકો અને સાહિત્યકારો વિશે વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં અભિમુખતા વધારવી, સારા ગુજરાતી પુસ્તકોનો પરિચય કરાવવો, વિદ્યાર્થીઓ સાથે, સર્જક સાથે સંવાદ જેવા કાર્યક્રમ યોજવામાં, લેખકો- કવિઓનો સાંપ્રત વિષયો અંગે સર્જન માટે પ્રોત્સાહિત કરવા જોઈએ"

**- ભાગ્યેશ જહા**
**અધ્યક્ષ, ગુજરાતી સાહિત્ય અકાદમી**



ગુજરાતી ભાષાનો બને તેટલો વધારે ઉપયોગ કરીએ આપણે ધંધો કરતા હોય નોકરી કરતા હોય કે રોજગાર કરતા હોય દરેકમાં આપણી ભાષાના શબ્દો મળે તેમ હોય તો તેનો જ ઉપયોગ કરીએ કારણ કે વ્યવહારથી ભાષા જીવતી રહે સાહિત્ય તો સામાન્ય વ્યક્તિને કેટલું સ્પર્શે તે ચર્ચાનો વિષય છે પરંતુ જો વ્યવહારમાં તે ન રહે તો તેનો અર્થ નથી આજે અંગ્રેજી ભાષાના ઘણા શબ્દો ખડકાય છે પરંતુ જ્યાં સુધી ગુજરાતી ભાષાનો શબ્દ મળે ત્યાં સુધી તે જ વાપરવો જોઈએ સરકારી કામકાજોમાં પણ નોટિંગ કે ડ્રાફ્ટિંગ ગુજરાતીમાં જ કરવું દુકાનદારોએ નામ ગુજરાતીમાં રાખવા બિલ્ડર્સ હવે અંગ્રેજી નામ જ રાખે છે એટલે તે નામો ગુજરાતી હોવા જોઈએ વ્યવહારમાં ભાષાને મહત્વ મળે તો જ ભાષા જીવંત રહે નવી પેઢીને માતૃભાષાથી કેળવવી પડે જે શબ્દોથી કેળવાય અને અંગ્રેજી માધ્યમમાં પણ ગુજરાતી ભાષા સારામાં સારી રીતે ભણાવવા તે જરૂરી છે

**- જયેન્દ્રસિંહ જાદવ**
**મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી**



"આજે જ્યારે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં થઈ રહી છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે ગાંધીનગર સાહિત્યસભા આપણી ગુજરાતી ભાષા માટે સતત પ્રયત્નશીલ છે. ગાંધીનગર સાહિત્યસભા ગુજરાતી સાહિત્યના વૈવિધ્યસભર કાર્યક્રમ કરી ગુજરાતી ભાષાની અખંડિતતા માટે સક્રિય પણે કાર્યરત છે. ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ગાંધીનગરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ગુજરાતી ભાષાના સંવર્ધન માટે વ્યાકરણની કાર્યશાળા કે રોજીંદા જીવનમાં ગુજરાતી ભાષા કેવી રીતે મહત્ત્વની છે એવી પાયાની સમજણ સાથે કાર્યક્રમ આયોજિત કરવામાં આવે છે. યુવાનો માટે કાવ્ય શિબિર કે વાર્તા શિબિર દ્વારા એમનામાં ગુજરાતી સાહિત્ય પ્રત્યે આકર્ષણ થાય એવા સતત પ્રયત્ન કરવામાં આવે છે. દરેકને પોતાની માતૃભાષા પ્રિય હોય છે અને હોવી પણ જોઈએ. આજના સમયમાં અંગ્રેજીનું મહત્વ છે એ સ્વીકાર્ય છે પરંતુ જો માત્ર બાળપણના પાંચ જ વર્ષ વ્યવસ્થિત ગુજરાતી ભાષાનું જ્ઞાન આપવામાં આવે તો ભવિષ્યમાં એ બાળક કોઈ પણ ભાષા ખૂબ સહજ રીતે આત્મસાત કરી લેશે એમાં બે મત નથી. વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે આપણે કમસેકમ એટલો સંકલ્પ તો અવશ્ય લઈ શકીએ કે ઘરમાં માત્ર માતૃભાષા ગુજરાતીમાં જ વાત કરીશું. બાકી એક વાત તો નક્કી છે કે જ્યાં સુધી આપણા ઘરમાં ખમણ, ઢોકળા, ખાખરા અને છૂંદો અથાણા છે ત્યાં સુધી ગુજરાતી ભાષાને કશું થવાનું નથી.!"

**- સંજય થોરાત**
**અધ્યક્ષ - ગાંધીનગર સાહિત્યસભા**



"વિશ્વ માતૃભાષા દિવસની સૌ ગુજરાતીઓને ગરવા ગુજરાતીઓને શુભકામનાઓ. સૌપ્રથમ તો માતૃભાષા બચાવવા માટે અભિયાન કરવા પડે તે અત્યંત દુઃખદ બાબત છે. માતૃભાષામાં શિક્ષણનું માધ્યમ "માતૃભાષા" રાખવાથી વિદ્યાર્થીઓની મૌલિકતા વિકસે છે, ગ્રહણ શકિત સારી હોવાથી ગોખણપટ્ટી કરવી પડતી નથી અને બાળકની માતા પોતે બાળકને ઘરે ગૃહકાર્ય પણ ખૂબ સારી રીતે કરાવી શકે છે. અંગ્રેજી ભાષામાં ટ્યુશન કરાવવાની મોંઘીદાટ ફીમાંથી પણ બચી જવાય છે. એવું કહેવાય છે કે બાળક જન્મે ત્યારે જે ભાષામાં રડે છે અને જે ભાષામાં સ્વપ્ન જોવે છે, તે ભાષામાં તેને ભણાવવું જોઈએ. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સૂચવ્યા મુજબ પ્રાથમિક શાળાનું શિક્ષણ માતૃભાષામાં આપવું તેમજ અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં ગુજરાતી વિષય પણ અચૂક ભણાવવો જેની ગુજરાત સરકાર દ્વારા કડક અમલવારી થાય તે ખૂબ જરૂરી છે."

**- ડો. ચેતના બુચ**
**આચાર્યા, શેઠ સી.એમ.હાઇસ્કુલ, સે.૨૩**



"માતૃભાષાને બચાવવી હશે તો તે સાચા અને વ્યવહારુ અર્થમાં માતાની ભાષા બનાવવી પડશે. અર્થાત આપણી દરેક નાનીમોટી માતાઓએ ઘરમાં, સમાજમાં અને અન્ય તમામ સ્થળે ગુજરાતી ભાષાને અભિવ્યક્તિનું માધ્યમ બનાવવુ પડશે. આમ થશે તો ગુજરાતી ભાષા બચશે. આ ઉપરાંત દરેક ગુજરાતીએ પરસ્પરના દરેક વ્યવહારમાં દરેક સ્થળે ગુજરાતી ભાષા બોલવાનો આગ્રહ સેવવો પડશે. મેં એવું જોયું છે કે મારા ઘરમાં એક મહારાષ્ટ્રીયન કે બંગાળી વ્યક્તિ સજોડે આવ્યા હોય તો અમારી સાથે તેઓ ગુજરાતીમાં વાત કરે પણ એ બન્નેએ પરસ્પરને કંઈ કહેવું હોય તો પોતાની ભાષામાં જ વાત કરે. આવું ઝનૂન અને આવી ભક્તિ ગુજરાતી ભાષા માટે આપણે સૌએ પ્રગટાવવી પડશે. ચાલો, એ દિશામાં એક કદમ ચાલીએ"

**- મનોજ મ. શુક્લ**
**બ્યુરો ઈનચાર્જ, જન્મભૂમિ ગ્રૂપ ઓફ ન્યુઝ પેપર્સ, ગાંધીનગર**



"માતૃભાષા એટલે માતાની ભાષા. માના ધાવણની ભાષા. દરેક ભાષા સાથે એક સંસ્કૃતિ અને સભ્યતા જોડાયેલી છે. આપણે ત્યાં આજકાલ પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાનું ઘેલું લાગ્યું છે. અંગ્રેજી ભાષાની જરૂરિયાત છે, પરંતુ માતૃભાષાને હડસેલીને તો નહીં જ. આજકાલ જો અંગ્રેજી કડકડાટ બોલતા આવડે તો એ બાળક હોશિયારની વ્યાખ્યામાં આવી જાય છે, પણ શું એ જ બાળક તેની માતૃભાષા એટલી સારી રીતે બોલી શકે છે? જે ભાષામાં બાળક રડી શકે, જે ભાષામાં બાળક હસી શકે, જે ભાષામાં બાળક સ્વપ્ન જોઈ શકે તે જ તેની માતૃભાષા. વર્તમાન યુગમાં અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ એટલું બધું છે કે માતૃભાષાનું મહત્વ ઓછું થતું જાય છે. માટે જ આજના દિવસે દરેક વ્યક્તિએ સંકલ્પ કરવો જરૂરી છે કે પોતાના બાળકને માતૃભાષાનું સંપૂર્ણ જ્ઞાન આપવું અને સાથે માતૃભાષાનું જોડાણ કેળવવું. મને સારું અંગ્રેજી બોલતા આવડે એના કરતાં મને સારું ગુજરાતી બોલતા આવડે છે તેવો ગર્વ લઈ શકે તેવું વાતાવરણ સમાજે બાળકોને આપવું જરૂરી છે."

**- ભગવતીબેન પરમાર**
**ગુજરાતી શિક્ષક, સીઆરસી કોઓર્ડિનેટર, નવા કોબા**



"વિશ્વ માતૃભાષા દિવસે સૌને નમ્ર વિનંતી કે પોતાના ઘરમાં માતૃભાષામાં વાત કરવાનો આગ્રહ રાખવો જેથી આપણા બાળકોને આપણી મા સમાન આપણી માતૃભાષાનો અમૂલ્ય વારસો મળે. જ્યાં સુધી આપણને ખબર હોય કે સામેની વ્યક્તિ ગુજરાતી જાણે છે તેમની સાથે ગુજરાતીમાં વાત કરવાનો આગ્રહ રાખવો. માતૃભાષા સેવાનો ભીખ ધરીને સૌ ગુજરાતી પોતાના વ્યવસાયમાં શ્રેષ્ઠ બને તેવી શુભકામનાઓ. ગુજરાતી શબ્દની જ્યોત સદાય જલતી રહે, માતૃભાષાનું અભિમાન રહે એ જ આશા ઉલ્લાસથી ઘણું જીવો ગુજરાતી એવી શુભકામનાઓ પાઠવું છું."

**- અર્પિત ક્રિશ્ચિયન**
**આચાર્ય, એમ.બી.પટેલ ઇંગ્લિશ મિડીયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સે.૨૩**



"હું ગુજરાતી છું, મારી માતૃભાષા ગુજરાતી છે, એનું મને ગૌરવ છે. વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી હવે મોટા પાયે વ્યાપક રીતે ઠેર ઠેર થઈ રહી છે, એ આપણા આનંદની ઘટના છે. માની ભાષા એ માતૃભાષા. ભાષા જીવે છે, ધબકે છે એના ભાષકો દ્વારા. આજે વિવિધ ભાષાઓ વિશે ચિંતા સેવામાં આવે છે ત્યારે સહજ વિચારમાં પડી જવાય. ગુજરાતી ભાષાનું અસ્તિત્વ મને જીવંત અને ઉજ્જવળ જ જણાય છે. જ્યાં સુધી ગુજરાતી ભાષા બોલાય છે, લખાય છે અને વંચાય છે ત્યાં સુધી ગુજરાતમાં, ભારતમાં અને વિશ્વમાં ગુજરાતી ભાષા જીવંત જ રહેવાની છે. હા, પ્રત્યેક ગુજરાતીને ગુજરાતી ભાષા લખતા-વાંચતા આવડે એટલી ગુજરાતી વ્યક્તિ તરીકે આપણે અંગત ખેવના, કાળજી રાખીએ તો એ મોટી ઘટના બની રહે. ગુજરાતીમાં લખાયેલા પુસ્તકો વાંચીએ, વસાવીએ એ પણ માતૃભાષાની સેવા જ. આપણાં બાળકો પણ ગુજરાતી ભાષા સાથે જોડાયેલા રહે એટલું જરૂર કરવું રહ્યું. મારી ભાષાને વંદન."

**- પ્રજ્ઞા પટેલ**
**લેખિકા-કર્મશીલ, નિવૃત્ત અધિકારી**



"આજે વિશ્વ માતૃભાષા દિવસે માતૃભાષાને નમન. સૌથી પહેલા તો તેને વિશિષ્ટ દિન તરીકે ઉજવવો પડે તે જ આપણી મોટી કઠણાઈ છે પણ તે છતાં આપણે આપણી ભાષાનો વૈભવ અને તેની ખુમારીનો સમૃદ્ધ વારસો વાહન કરવાની જવાબદારીથી પાછી પાની ના કરી શકાય. શું તે માટે આપણે આટલું ના કરી શકીએ? જેમકે પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં ફરજિયાત કરીએ, ઘરમાં નિયમિત માતૃભાષાની સમૃદ્ધિ લેખકોની વિશિષ્ટ ચર્ચા કરીએ, વિદેશમાં રહીને પણ વ્યવહારની ભાષા માતૃભાષા જ રાખીએ, વિવિધ અર્થસભર કે લુપ્ત થતા શબ્દોની બાળકો સાથે નિયમિત ચર્ચા કરીએ, ઘરમાં ગુજરાતી ગીતો-સંગીતનું નિયમિત બાળકો સાથે શ્રવણ કરીએ, શાળા-કોલેજ કક્ષાએ પણ માતૃભાષા સંગત દર માસે કે નિયમિતપણે વિવિધ પ્રવૃત્તિ યોજીએ અને શાળા કક્ષાએ નિયમિત વિવિધ કવિઓ-લેખકોના પરિચય ગોષ્ઠિનું આયોજન કરીએ.

**- કુસુમબેન પટેલ**
**નિવૃત પ્રાથમિક શિક્ષક.**



ગુજરાતી મારી મા, હિન્દી છે મારી માસી, હું તો ગરવો ગુજરાતી ને હું છું હિન્દવાસી. માતૃભાષા ગુજરાતીને બચાવવા આપણે ઘરમાં પણ માતૃભાષાનો ઉપયોગ કરવો જોઈએ. આપણે આપણી માતૃભાષા બચાવવી હોય તો આપણા બાળકોને માતૃભાષામાં શિક્ષણ આપવું જોઈએ. અંગ્રેજી ભાષા શીખવી જરૂરી છે પણ પોતાની લાગણી, વિચારો, સપના વગેરે માતૃભાષામાં વ્યક્ત કરવા આવશ્યક છે. પરિવારમાં ગુજરાતી ભાષા માટે પ્રીતિ વધારવી અને વિદ્યાર્થીઓનું ભાષાશિક્ષણ તેમજ શિક્ષકોનું પ્રશિક્ષણ કરવું જોઈએ. ગુજરાતી ભાષા સજ્જતા માટે પરીક્ષાઓનું આયોજન કરવું, ગુજરાતી ભાષાના સારસ્વતોની જન્મતિથિ અને પુણ્યતિથિના દિવસોએ શાળા અને કોલેજમાં માતૃભાષા મહિમાના કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ તેમજ પ્રતિ વર્ષે કોઈ એક મહાનુભાવ જેમનું ગુજરાતી ભાષા માટે વિશિષ્ટ યોગદાન હોય એમને માતૃભાષા ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવા જોઈએ.

**- વિપુલકુમાર આર. પટેલ**
**શિક્ષક, કાંઠા પ્રાથમિક શાળા, તા.કલોલ**

## "જે.એસ.પટેલ મહિલા ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ"માં જીએસએ ચેમ્પિયન

ગાંધીનગર, તા.૨૦

તાજેતરમાં ગાંધીનગરના સાર્થક ફાઉન્ડેશન તથા હેપ્પી યુથ ક્લબ દ્વારા ગાંધીનગરની શાળાઓમાં અભ્યાસ કરતી અને ક્રિકેટ રમવામાં રસ ધરાવતી દિકરીઓને ટુર્નામેન્ટમાં રમવાની તક પુરી પાડવાના હેતુથી "જે.એસ.પટેલ મહિલા ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ" સીઝન-૨નું કોબાના જે.એસ.પટેલ ક્રિકેટ ક્લબ ગ્રાઉન્ડ પર આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ગાંધીનગર સ્પોર્ટ્સ ક્લબની જીએસએ ગર્લ્સ ટીમ ફાઈનલમાં જીતીને ચેમ્પિયન બની હતી જ્યારે ડીસીએ ગર્લ્સ ટીમ રનર્સ અપ બની હતી. "જે.એસ.પટેલ મહિલા ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ" સીઝન-૨ની



ફાઈનલ જીએસએ ગર્લ્સ ટીમ અને ડીસીએ ગર્લ્સ ટીમ વચ્ચે રમાઈ હતી જેમાં જીએસએ ગર્લ્સ ટીમે પ્રથમ બેટીંગ કરતા ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૩૧ રન કર્યા હતા જેમાં કેપ્ટન સૃષ્ટિ પટેલના ૪૪ રન હતા. જવાબમાં ડીએસએ ગર્લ્સ ટીમ ૧૪.૪ ઓવરમ?ાં માત્ર ૫૦ રન બનાવીને ઓલઆઉટ થઇ ગઇ હતી. ટુર્નામેન્ટના સમાપાને જીએસએ ગર્લ્સ ટીમની ધ્રુવી પુરોહિતને "બેસ્ટ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ", કેપ્ટન સૃષ્ટિ પટેલને બેસ્ટ "બેટ્સમેન ઓફ ધ ટુર્નામેન્ટ" અને કનિષ્કાને "બેસ્ટ ફિલ્ડર ઓફ ધ ટુર્નામેન્ટ"ના ચંદ્રકોથી સન્માનિત કરાયાં હતા. ગાંધીનગર સ્પોર્ટ્સ ક્લબના સંચાલક સલીલ યાદવે વિજેતા ટીમને અભિનંદન પાઠવ્યાં હતા.

## ગાંધીનગરમાં કરાઓકે સુપર સ્ટાર સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં સર્વ પ્રથમ વખત આગામી તારીખ ૫ માર્ચ રવિવારના રોજ કરાઓકે સુપર સ્ટાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધામાં દરેક સ્પર્ધકે હિન્દી ફિલ્મોના ગીતોની પ્રસ્તુતિ કરવાના રહેશે. કરાઓકે સુપર સ્ટાર સ્પર્ધામાં સ્પર્ધકો ત્રણ વિવિધ અનુસાર ભાગ લઈ શકશે જેમાં પ્રથમ વય જૂથ ૧૮થી ૩૦ વર્ષ, દ્વિતીય વય જૂથ ૩૧થી ૪૫ વર્ષ અને તૃતીય વય જૂથ ૪૬ વર્ષથી વધુ વયના સ્પર્ધકો માટે નિર્ધારિત કરવામાં આવ્યું છે.

આ સિંગિંગ સ્પર્ધામાં પ્રથમ દ્વિતીય અને તૃતીય વિજેતાને ટ્રોફી પ્રમાણપત્ર તેમજ અન્ય ઈનામો આપવામાં આવશે.

કરાઓકે સુપર સ્ટાર સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકોએ તારીખ ૨૬ ફેબ્રુઆરી સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે જે માટે કશ્યપ નિમાવતનો મો.નં. ૮૪૦૧૦૮૮૬૭૭ અથવા સાગર દેસાઈનો મો.નં. ૮૪૬૦૪૭૬૦૯૦ નંબર પર સંપર્ક સાધવાનો રહેશે.



આઈ.આઈ.ટી-પવઈ મુંબઈ ખાતે હમણાં એક દલિત છાત્ર દ્વારા હોસ્ટેલ નાં ૭ માં માળે થી કૂદી ને આત્મહત્યા કરવામાં આવી હતી. જેને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદ્યાર્થી સંગઠન દ્વારા ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૩ ને રવિવાર નાં રોજ સાંજના સમયે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભેગા થયેલા દરેક વિદ્યાર્થીઓએ દર્શન સોલંકીને માટે ૨ મિનિટ નું મૌન પાળ્યું હતું. સાથે સાથે વિદ્યાર્થીઓમાં આત્મહત્યા નું પ્રમાણ ઘટે અને પોતાની સમસ્યા એકબીજા સાથે વાતચીત કરી ને દુર કરે અને આત્મહત્યા જેવાં ગંભીર સમસ્યા જેવા પગલાં નાં ભરે તે માટે જાગ્રત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમની શરૂઆત બૌદ્ધ વંદના થી કરવામાં આવી હતી. સૌ વિદ્યાર્થીઓ એ બૌદ્ધ વંદના બાદ બહુજન મહાનાયક ના ઈતિહાસ વિશે ચર્ચા કરી હતી. છેલ્લે સૌ વિદ્યાર્થીઓ એ બહુજન મહાનાયક અને દર્શન સોલંકી ને સલામી અર્પણ કરીને સૌ છૂટા પડ્યાં હતાં.

# ફાગણ ફોરમ'તો આવ્યો : વિક્રમ સંવતનો પાંચમો મહિનો

ગાંધી.તા.૨૦

ફાગણ ફોરમતો આયો, આયો રે આયો..ફાગણ ફોરમતો આયો.

એના રંગે મલક રંગાયો રે આયો.. ફાગણ ફોરમતો આયો..

કુદરતે આપણને ઋતુઓની રમ્ય વિવિધતા બક્ષી છે. શિયાળો ઉનાળો અને ચોમાસું એ ત્રણ મુખ્ય ઋતુઓ છે. અને હેમંત, શિશિર, વસંત, ગ્રિષ્મ, વર્ષા અને શરદ આ છ પેટા ઋતુઓ છે. ઋતુઓ આપણા જીવનને વિવિધતાથી ભરી દે છે. પ્રત્યેક ઋતુના તેના આગવા રંગ-રૂપ અને સૌદર્ય હોય છે, તેમાં પણ વસંત તો ઋતુરાજ છે. બધી ઋતુઓમાં વસંતઋતુના સૌદર્યની તો વાત જ નિરાળી છે!

શીયાળા અને ઉનાળાને જોડતી ઋતુ એટલે વસંત ઋતુ. આ ઋતુમાં શીયાળો ધીરે ધીરે વિદાય લે અને ઉનાળો ધીરે ધીરે તેનું પોત પ્રકાશવા લાગે. ગુજરાતી તારીખીયા પ્રમાણે મહા મહિનો અને ફાગણ મહીનો વસંત ઋતુના ગણાય. મહા મહિનો પુરો થયો. આપણે વસંતને તો વધાવી લીધી. હવે ઉનાળાની શરુઆતે મજાનો ફાગણીયો ફોરમતો આવ્યો છે તો તેનું યે ભાવભીનું સ્વાગત કરશું ને?

ગાંધીનગર માં વન વિસ્તાર મોટા પાયે હોવાથી દરેક ઋતુઓ અનુભવાય છે. પાનખર બાદ વૃક્ષો ની ડાળીઓ પર નવી કુંપળો ખીલી ઊઠે છે. જેની સુંદરતા પાટનગર માં નિહાળી શકાય છે.શહેર ના માર્ગો ની વચ્ચે રહેલા ફૂલો, ઉદ્યાનો,ગાર્ડન માં રંગબેરગી ફૂલો અને નવા પાંદડા ખીલી ઉઠ્યા છે.ફાગણ ની આજથી શરૂઆત થઈ રહી છે ત્યારે હવે ઉનાળા ની મોસમ જામશે.

ફાગણ એ હિંદુ વૈદિક પંચાગ અંતર્ગત વિક્રમ સંવતનો પાંચમો

**કેસુડાના ફૂલો નો વૈભવ ,આંબા પર મોર ખીલવાની શરૂઆત ને ગરમી નો પ્રારંભ**





મહિનો છે. આ ઉપરાંત હિંદુ વૈદિક પંચાગ અંતર્ગત શક સંવતનો બારમો મહિનો છે.આ મહિનામાં ખાખરાના વૃક્ષ પર ફૂલો બેસે છે, જેને કેસુડો તરીકે ઓળખવામાં આવે છે.આંબા પર મબલક મંજરીઓ મોરી ઉઠે છે. કમળના ફૂલોથી સરોવર શોભી ઊઠે છે.રંગબેરંગી કેસૂડાના ફૂલોનાં કેસરી ઝૂંડ કુદરતની શોભામાં અભિવૃધ્ધિ કરે છે. પતંગિયા અને મધમાખીઓ પુષ્પોની આસપાસ ઘુમરાવા લાગે છે. ફુલેફૂલે ભમરા ગૂંજારવ કરે છે.ભમરા પોતાના મધુર ગુંજારવ થી અને કોયલ તેના કર્ણપ્રિય ટહુકાથી વાતાવરણને ભરી દે છે આ ઋતુની સમધારણ આબોહવા જીવસૃષ્ટિને માટે આહલાદક હોય છે. એની પ્રાકૃતિક શોભા નિહાળીને લોકોના હૈયા આનંદથી ઝુમી ઉઠે છે. આ ઋતુમાં માનવી વિવિધ ઉત્સવો ઉજવીને પોતાનો આનંદ વ્યક્ત કરે છે.

ફાગણ મહિનાની શરીઆત થી ગરમીની શરૂઆત પણ થઈ જાય છે. અને ઠંડી ઓછી થવા લાગે છે. વસંતનો પ્રભાવ હોવાથી આ મહિનામાં સબંધમાં મધુરતા આવે છે અને વાતાવરણ મનમોહક રહે છે. હિંદુ માન્યતાના બે સૌથી મોટા તહેવાર મહા શિવરાત્રી અને હોળી આ મહિનામાં આવે છે.

અને તેની સાથે સાથે બદલાતી ઋતુ માં જો ખાવા પીવામાં પણ ફેરફાર કરવામાં આવે તો ખુબજ લાભકારી માનવામાં આવે છે. ઘી, ખીચડીનું સેવન કરવું જોઈએ.

હોળી ધુળેટી ના તહેવારોમાં ચોમેર ઉછળતા અબીલ ગુલાલ માં જીવનનો ઉલ્લાસ છલકે છે ઢોલ ત્રાસા અને મૃદંગના તાલ સાથે ગવાતી વસંત ના ગીતો ની મીઠી ધૂન વાતાવરણને અનોખા આનંદથી ભરી દે છે. હોળીમાં અબાલવૃદ્ધ સૌ રંગ અને ગુલાલ વડે મન ભરીને રમે છે લોકો ઢોલ ના તાલે જુમે છે નાચે છે તેમજ હોળીના ગીત ગાય છે.

એક તરફ આ મહિનો ભગવાન શિવ અને માતા પાર્વતીના લગ્નનો સાક્ષી ગણાય છે તો બીજી તરફ આ જ મહિનો રાધા કૃષ્ણના નિર્મળ અને પવિત્ર પ્રેમનું સૌહાર્દ સમજાવે છે.

કેસુડાના પુષ્પનો ધાર્મિક દ્રષ્ટિએ મહત્વહોળી ધુળેટીના તહેવારમાં કેસુડાના પુષ્પનો ઉપયોગ ખૂબ પુષ્કળ પ્રમાણમાં થતો હોય છે. ભારતની પ્રજા ઉત્સવપ્રિય અને પ્રકૃતિ સાથે અનોખો લગાવ ધરાવે છે. તેનું કેસુડા ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ભારતીય લોકો નદી, પહાડો, સમુદ્ર, વૃક્ષો, પશુ પક્ષી પ્રાણી, પુષ્પો, વનસ્પતિ સહિત અનેક કુદરતી વસ્તુને પોતાની આસ્થા અનુસાર ધાર્મિક મહત્વ આપીને તેનુ પુજન કરે છે. ત્યારે ખાસ કરીને હોળી અને ધૂળેટીના તહેવારો દરમિયાન કેસુડાના પુષ્પનો વિશેષ ઉલ્લેખ કરાયો છે. ભગવાન શ્રીકૃષ્ણએ રંગોત્સવમાં કેસુડાના પુષ્પના રંગનો ઉપયોગ કર્યો હોવાની ધાર્મિક માન્યતા આજે પણ સનાતન ધર્મ સંસ્કૃતિમાં જોવા મળે છે.